# પાલનપુરમાં ૫૫મી જગન્નાથ રથયાત્રા: ભક્તિના રંગે રંગાયું નગર





પાલનપુર આજે અષાઢી બીજના પવિત્ર અવસરે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં ભગવાન જગન્નાથજીની ૫૫મી ભવ્ય રથયાત્રા ભારે શ્રદ્ધા અને ઉત્સાહ સાથે નીકળી હતી. શહેરના મોટા રામજી મંદિર ખાતેથી ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળતા પાલનપુરના માર્ગો 'જય રણછોડ, માખણ ચોર'ના નાદથી ગુંજી ઉઠ્યા હતા.

શ્રીરામ સેવા સમિતિ સહિત વિવિધ હિન્દુ સંગઠનોના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ ૫૫મી રથયાત્રામાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાજી ત્રણ અલગ-અલગ સુશોભિત રથમાં બિરાજમાન થઈ ભક્તોને આશીર્વાદ આપી રહ્યા હતા. આશરે ૧૪ કિલોમીટર લાંબા રૂટ પર નીકળેલી આ રથયાત્રાનું નગરના વિવિધ વિસ્તારોમાં ભક્તો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રીરામ સેવા સમિતિ દ્વારા દર્શનાર્થીઓ માટે મગ અને જાંબુના પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો.

રથયાત્રા શાંતિપૂર્ણ અને કોમી એકતાના વાતાવરણમાં સંપન્ન થાય તે માટે પાલનપુર પોલીસ દ્વારા અત્યંત ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સુરક્ષા વ્યવસ્થાની વિગતો આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ રૂટ પર ૫ પીઆઈ, ૧૨ પીએસઆઈ અને ૩૦૦થી વધુ પોલીસ જવાનોનો કાફલો ખડેપગે તૈનાત કરવામાં આવ્યો હતો. રથયાત્રા સંવેદનશીલ વિસ્તારોમાંથી પસાર થતી હોવાથી એલસીબી ની ટીમોને પણ વિશેષ સતર્ક રાખવામાં આવી હતી.રથયાત્રાની સુરક્ષામાં કોઈ કચાસ ન રહે તે માટે આધુનિક ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમગ્ર રૂટ પર નજર રાખવા માટે માઉન્ટેડ પોલીસની સાથે ડ્રોન કેમેરા અને પોલીસ જવાનોના બોડીવોર્ન કેમેરાની મદદ લેવામાં આવી હતી, જેથી દરેક ગતિવિધિ પર પોલીસ કંટ્રોલ રૂમથી સતત દેખરેખ રાખી શકાય. ભગવાનની આ રથયાત્રા મોડી સાંજે પોતાના નિજ મંદિરે પરત ફરશે. સમગ્ર નગરમાં આ પાવન પર્વને લઈને ખૂબ જ ઉમંગ અને ધાર્મિક ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

## પતિએ ભરણપોષણના ૪૦ લાખ પણ ચુકવી દીધાં

# છૂટાછેડા બાદ પતિએ બીજા લગ્ન કરી લેતાં પત્નીની અપીલ: HCનો સ્ટે

અમદાવાદ, તા.૧૬

હાઈકોર્ટ સમક્ષ એક અત્યંત વિચિત્ર કિસ્સો આવ્યો છે. જેમાં ફેમિલી કોર્ટે આપેલાં છૂટાછેડાના આદેશ સામે પત્નીએ જે દિવસે અપીલ કરી, એ જ પતિએ બીજાં લગ્ન કરી લીધાં હતાં. હાઈકોર્ટ સમક્ષ આ મામલો પહોંચતા જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર.ટી. વાચ્છાણીની ખંડપીઠે એવું અવલોકન કર્યું હતું કે પતિની જે સમયનો ઉપયોગ કર્યો છે એ એક રીતે પત્નીના છૂટાછેડાને પડકારવાના હક ઉપર તરાપ છે. તેથી જ્યાં સુધી પત્નીએ કરેલી અપીલનો નિર્ણય ન આવે ત્યાં સુધી છૂટાછેડાના આદેશ પર સ્ટે આપવામાં આવે છે. પતિ-પત્ની વચ્ચેના છૂટાછેડાના અનેક મામલા કાનૂની દાવપેચમાં ફસાઈ જતાં હોય છે, પરંતુ આ કિસ્સો ખૂબ જ વિચિત્ર અને અસામાન્ય છે. જેમાં સામે આવેલી હકીકત મુજબ ૧૫મી મે ૨૦૨૪ના રોજ પતિને ફેમિલી કોર્ટે છૂટાછેડાનો આદેશ આપ્યો હતો અને છૂટાછેડા ક્રૂરતાના ગ્રાઉન્ડ પર અપાયા હતા. છૂટાછેડાના આદેશ સાથે કોર્ટે ભરણપોષણ પેટે કુલ ૪૦ લાખ ચૂકવવાનો હુકમ કર્યો હતો. જે પૈકી ૨૫ લાખ પત્ની અને ૧૫ લાખ પુત્રની તબીબી સારવાર માટે હતા. પુત્રને કિડનીની બીમારી હોઈ તેને ડાયાલિસિસ સહિતના ખર્ચ માટે આ આદેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પત્નીએ છૂટાછેડાનો આદેશ પડકાર્યો હતો અને ૨૪મી મે ૨૦૨૪ના રોજ તેને આદેશની નકલ મળતાં તેણે ૧૧મી જુલાઈએ અપીલ નોટરાઈઝ્ડ કરાવી હતી અને ૧૫મી જુલાઈએ તે દાખલ કરી દીધી હતી. જોકે પતિએ પત્નીની અપીલ દાખલ થાય એની વાટ પણ જોઈ નહોતી અને ૧૧મી જુલાઈએ જ બીજી મહિલા સાથે બીજા લગ્ન કરી લીધાં હતાં. આ લગ્નની નોંધણી ૧૫મી જુલાઈએ થઈ હતી, જે દિવસે અપીલ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવી હતી. પતિએ ફેમિલી કોર્ટના આદેશ અનુસાર ભરણપોષણના ૪૦ લાખ પણ ચુકવી દીધાં હતાં. આ મામલે પત્નીએ હાઈકોર્ટ સમક્ષ દાખલ કરેલી ફર્સ્ટ અપીલ ઉપરાંત એક સ્પેશિયલ અરજી કરી હતી અને પતિ દ્વારા કરવામાં આવેલાં બીજા લગ્નના પગલે છૂટાછેડાના આદેશ પર સ્ટેની માંગ કરી હતી. પત્નીના એડવોકેટ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે,કોઈ પણ વ્યક્તિ ઉતાવળિયા લગ્ન કરીને કોઈના પણ છૂટાછેડાના આદેશ સામે અપીલ કરવાના કાયદેસરના વિકલ્પ ઉપર તરાપ મારી શકે નહીં. સુપ્રીમ કોર્ટે પણ આ મતનો સ્વીકાર કર્યો છે. બીજી તરફ પતિના એડવોકેટની દલીલ હતી કે સુપ્રીમ કોર્ટના તાજેતરના એક ચુકાદા અન્વયે જો કોઈ વ્યક્તિ છૂટાછેડા સામેની અપીલ પેન્ડિંગ હોય એ દરમિયાન બીજા લગ્ન કરી લે, તો એ લગ્ન અમાન્ય થઈ જતાં નથી. આવા સંજોગોમાં ફેમિલી કોર્ટના આદેશના અમલના ભાગરૂપે પતિએ ભરણપોષણની પૂર્ણ રકમ ચુકવી દીધી હોય ત્યારે છૂટાછેડાના આદેશ પર રોક લગાવી શકાય નહીં. હાઈકોર્ટની ખંડપીઠે હાલના સંજોગોમાં બીજા લગ્નની માન્યતા અંગે કોઈ નિર્ણય લીધો નથી. પરંતુ કોર્ટે પતિએ કરેલા બીજા લગ્નના ટાઈમિંગ્સને શંકાસ્પદ જણાવ્યું હતું. સાથે જ જ્યાં સુધી પત્નીની અપીલનો અંતિમ નિર્ણય ન થાય ત્યાં સુધી છૂટાછેડા પર સ્ટે મૂક્યો છે. જોકે હાઈકોર્ટે એ પણ સ્પષ્ટતા કરી છે કે આ આદેશ માત્રને માત્ર ફેમિલી કોર્ટના આદેશ પર સ્ટે માટેનો છે અને એના અવલોકન પ્રથમદૃષ્ટયા છે. અલબત્ત, આ આદેશ મૂળ અપીલની કાર્યવાહીમાં કોઈ રીતે બાધક રહેશે નહીં.

**પત્નીએ છૂટાછેડાનો આદેશ પડકાર્યો એ જ દિવસે પતિએ બીજા લગ્ન કરી લીધાં હોવાનો વિચિત્ર મામલો....**

# વિસનગરની શ્રી સી.જે. પટેલ કોલેજના વિદ્યાર્થીઓ માટે વડનગરની ઐતિહાસિક શૈક્ષણિક યાત્રા




સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંચાલિત શ્રી સી.જે. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ ના વિદ્યાર્થીઓ માટે તારીખ ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ એક વિશેષ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ અંતર્ગત કોલેજના પ્રથમ વર્ષના ૮૦થી વધુ વિદ્યાર્થીઓએ ઐતિહાસિક નગરી વડનગરની મુલાકાત લઈ ભારતીય સાંસ્કૃતિક વારસાને નજીકથી સમજવાનો અને અનુભવવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત કર્યો હતો.

શૈક્ષણિક પ્રવાસનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને દેશના સમૃદ્ધ ઐતિહાસિક વારસાથી પરિચિત કરાવવાનો હતો. વડનગર ખાતેના આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ દેશના પ્રથમ 'જીવંત ખોદકામ' આધારિત મ્યુઝિયમનો રોમાંચક અનુભવ કર્યો હતો. અહીં ૨૭૦૦ વર્ષ જૂના પુરાતત્વીય અવશેષો, પ્રાચીન મુદ્રાઓ, હાડપિંજરો અને અન્ય ઐતિહાસિક નમૂનાઓ જોઈને વિદ્યાર્થીઓએ ઈતિહાસના ઊંડાણપૂર્વકના અભ્યાસની તક મેળવી હતી.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ તાના-રીરી ગાર્ડનની મુલાકાત લીધી હતી. અહીં સંગીત સમર્પણના ગૌરવશાળી વારસાને જીવંત કરતી તાના-રીરી બહેનોની સમાધિ અને બગીચાના સૌંદર્યને નિહાળી વિદ્યાર્થીઓએ એક સંવેદનશીલ અને સાંસ્કૃતિક અનુભવ મેળવ્યો હતો. અંતે, હાટકેશ્વર મહાદેવ મંદિરના દર્શન કરી વિદ્યાર્થીઓએ આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો.

ફેકલ્ટી મેમ્બર્સે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, વડનગરની આ ઐતિહાસિક ભૂમિ 'ઇન્ડિયન નોલેજ સિસ્ટમ' (ભારતીય જ્ઞાન પ્રણાલી) નું પ્રતીક છે. અહીંના પ્રાચીન સિવિલ કન્સ્ટ્રક્શન અને ભવ્ય સ્થાપત્યો દ્વારા વિદ્યાર્થીઓને આપણી સાંસ્કૃતિક ધરોહરનું મૂલ્ય સમજાવવામાં આવ્યું હતું. આવી શૈક્ષણિક યાત્રાઓ વિદ્યાર્થીઓમાં માત્ર ઐતિહાસિક જ્ઞાન જ નહીં, પરંતુ વ્યક્તિગત અને ભાવનાત્મક જોડાણ પણ વિકસાવે છે.

આ સફળ શૈક્ષણિક પ્રવાસ બદલ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી.એમ. ઉદાણી, રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી અને બીસીએ કોલેજના પ્રિન્સિપાલ ડો. અભિજીતસિંહ જાડેજાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન કરવા બદલ કોલેજના સ્ટાફ ફેકલ્ટી પ્રો. પ્રીત પટેલ, પ્રો. ચિરાગ જયસ્વાલ અને પ્રો. ધ્રુવી ભાટીયાની કામગીરીને પણ ઉચ્ચ અધિકારીઓ દ્વારા બિરદાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પણ આ પ્રવાસને અત્યંત જ્ઞાનવર્ધક ગણાવી આગામી સમયમાં આવા વધુ પ્રવાસની ઉત્સુકતા વ્યક્ત કરી હતી.

# નૂતન કોલેજ ઓફ નર્સિંગ ખાતે બીએલએસ તાલીમ વર્કશોપનું આયોજન



વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન નૂતન કોલેજ ઓફ નર્સિંગના ચાઈલ્ડ હેલ્થ નર્સિંગ અને ફન્ડામેન્ટલ ઓફ નર્સિંગ વિભાગ દ્વારા આજે તા. ૧૬/૦૭/૨૦૨૬ ના રોજ 'બેઝિક લાઈફ સપોર્ટ (બીએલએસ)' વિષય પર એક વિશેષ તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશોપમાં રેડ ક્રોસ સોસાયટીના નિષ્ણાતો દ્વારા નર્સિંગ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને હૃદયરોગનો હુમલો કે શ્વાસ બંધ થવા જેવી ગંભીર સ્થિતિમાં દર્દીને પ્રાથમિક સારવાર આપવાની તાલીમ આપવામાં આવી રહી છે. તાલીમ દરમિયાન નિષ્ણાતો દ્વારા સીપીઆર , એરવે મેનેજમેન્ટ, રેસ્ક્યુ બ્રિધિંગ અને ચેસ્ટ કમ્પ્રેશન જેવી જીવનરક્ષક પદ્ધતિઓનું પ્રાયોગિક નિદર્શન અને હેન્ડ્સ-ઓન પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં ઈમરજન્સી કેરની વ્યવહારુ કુશળતા કેળવવાનો અને દર્દી સુરક્ષા પ્રત્યેની જાગૃતિ તથા આત્મવિશ્વાસમાં વધારો કરવાનો છે.

કોલેજના પ્રિન્સિપાલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમ બદલ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાની, રજિસ્ટ્રાર ડૉ. પરિમલ ત્રિવેદી, ડાઈરેક્ટર ડૉ. જે. આર. પટેલ તથા સમગ્ર કોલેજ પરિવારે તમામ સહભાગી વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને તાલીમનો સંપૂર્ણ લાભ લેવા માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# સિદ્ધપુરમાં ૮૩મી ભવ્ય રથયાત્રામાં ભગવાન ચાંદીના રથમાં નગરચર્યાએ નીકળ્યા







સિદ્ધપુરમાં ઐતિહાસિક અને ધાર્મિક નગરી સિદ્ધપુરમાં અષાઢી બીજના પવિત્ર દિવસે ગામધણી ગોવિંદરાયજી માધવરાય જી ની ૨૩૧ વર્ષ જુના મંદિરમાં ચાંદીના રથમાં ૮૩મી રથયાત્રા ભવ્યતાથી યોજાઈ હતી. આ યાત્રામાં ૮૦ કિલો ચાંદીના રથમાં બિરાજમાન ભગવાન નગરચર્યાએ નીકળ્યા હતા, જેમાં હજારો ભક્તો જોડાયા હતા.

રથયાત્રાનું પ્રસ્થાન સિદ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત, પૂર્વ સાંસદ દિલીપભાઈ પંડ્યા, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, નગરપાલિકા પ્રમુખ રાજીતસિંહ ઠાકોર, એપીએમસીના ચેરમેન વિષ્ણુભાઈ પટેલ, મંદિર કમિટીના પ્રમુખ દીપકભાઈ શેઠ અને ટ્રસ્ટી કમલેશભાઈ ઠાકર સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં થયું હતું. ભગવાનના દર્શન કરવા માટે માર્ગો પર શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી પડી હતી.

રથયાત્રામાં સિદ્ધપુર ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિના યુવાનો પીતાંબર ધારણ કરીને ખુલ્લા પગે ૮૦ કિલો ચાંદીના રથને ખેંચી રહ્યા હતા. સમગ્ર નગર ×રાધે ગોવિંદ રાધે×, ×જય રણછોડ માખણ ચોર× અને ×હર હર મહાદેવ× ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. છુંવાળા ફળી વિસ્તારમાં મુસ્લિમ અને વ્હોરા સમાજના લોકોએ રથયાત્રાનું ઉષ્માભર્યું સ્વાગત કરીને કોમી એકતાની પરંપરા જાળવી રાખી હતી.

રથયાત્રાએ સમગ્ર નગરની પરિક્રમા કરી હતી. સાંજે સરસ્વતી નદીના કિનારે ભગવાનની પાદુકાનું વિધિવત પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ભગવાન રથ સાથે નિજ મંદિરે પરત પધાર્યા હતા.

રથયાત્રામાં નગાશી ડંકો, ગાડું, મહિલા મંડળો, યુવક મંડળો, ઊંટ ગાડીઓ અને શાળાના બાળકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. નગરના વિવિધ ચોક અને મહોલ્લાઓમાં ભક્તો માટે આઈસક્રીમ, શરબત, છાશ, કુલ્ફી અને ચોકલેટનું વિતરણ કરાયું હતું. નિશાળ ચકલા વિસ્તારમાં સિદ્ધેશ્વર યુવક મંડળ દ્વારા માલપુવાનો પ્રસાદ અને પથ્થર પોળ વિસ્તારમાં સદાબહાર ગ્રુપ દ્વારા લીંબુ શરબત આપવામાં આવ્યું હતું.

આયોજન દરમિયાન ભક્તોને મગ, જાંબુ, કેરી અને કાકડીનો પ્રસાદ પણ વહેંચવામાં આવ્યો હતો. ભજન મંડળીઓ, વિવિધ ટેબ્લો અને વેપારીઓ પણ આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે પોલીસ પ્રશાસન દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેના કારણે સમગ્ર રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

# કડીમાં ૫૫મી રથયાત્રા અને મા મેલડીની શોભાયાત્રા સાથે અષાઢી બીજની ભવ્ય ઉજવણી





કડી નગરમાં અષાઢી બીજનો પવિત્ર તહેવાર હર્ષોલ્લાસ અને ભક્તિમય માહોલમાં ઉજવાયો હતો. આ પાવન અવસરે પરંપરાગત રીતે ભગવાન જગન્નાથની ૫૫મી રથયાત્રા અને ઐતિહાસિક મહેલમાંથી મા મેલડીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ બંને ધાર્મિક કાર્યક્રમોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું.

ગુરુવારે કડીના દેત્રોજ રોડ પર આવેલા નવા રામજી મંદિર ખાતેથી ભગવાન જગન્નાથની ૫૫મી રથયાત્રાનું પ્રસ્થાન થયું હતું. સંતો-મહંતોના હસ્તે ભગવાનની મંગળા આરતી ઉતારી રથને નગરચર્યા માટે રવાના કરાયો હતો. ઢોલ-નગારાના નાદ સાથે ભગવાન નગરચર્યાએ નીકળતા દર્શનાર્થીઓએ દર્શનનો લાભ લીધો હતો.આ રથયાત્રાના મુખ્ય યજમાન કડી નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ ખોડીદાસ ગજ્જર અને શેઠ દિલીપભાઈ રહ્યા હતા. બુંદીના પ્રસાદના યજમાન અજયસિંહ જાડેજા હતા. ઉમિયા માતાજીના મંદિર ખાતે ભગવાનનું ભવ્ય મામેરું ભરવામાં આવ્યું હતું, જેના યજમાન ધવલ ભરતભાઈ પટેલ (કરણપુર) હતા.

રથયાત્રાની સાથે કડીના ઐતિહાસિક મલ્હારરાવ રાજાના મહેલમાં સાતમા માળે બિરાજમાન મા મેલડીની ભવ્ય શોભાયાત્રા પણ યોજાઈ હતી. મેલડી માતાજીના મંદિર ખાતેથી મોટી સંખ્યામાં ભક્તો અને પૂજ્ય સંતોની ઉપસ્થિતિમાં શોભાયાત્રા નું પ્રસ્થાન કરાયું હતું. ઢોલ-નગારા અને ડીજેના તાલે માતાજીની સવારી નગરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી.

કડી શહેરમાં અષાઢી બીજના આ બંને મોટા ધાર્મિક મહોત્સવો શાંતિપૂર્ણ અને કોમી એકતાના વાતાવરણમાં સંપન્ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. રૂટ પર કોઈ અણબનાવ ન બને તે માટે પોલીસ તૈનાત રહી હતી.

Volume : 12 Issue : 90, Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002